# જાહેરાતનો નમૂનો

**જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક) માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક" ની જગ્યાના કરાર બાબતે ઓનલાઈન અરજી આમંત્રિત કરવા અંગે.**

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | "અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક" | રૂા.૨૧,૦૦૦/- | ૪૮ વર્ષ |

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની જ્ઞાન સહાયક પ્રાથમિક માટે (ધોરણ-૬ થી ૮) ની સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર મહેકમ સિવાય અંગ્રેજી વિષય શિક્ષણ માટે વધારાના જ્ઞાન સહાયક (અંગ્રેજી વિષય માટે) તરીકે ૧૧ માસના કરાર આધારિત "**અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક**" ની વર્ષ ૨૦૨૬-૨૭ માં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાલી રહેલ જગ્યાઓ પર ભરતી કરવા માટે ઓનલાઈન અરજી ઓ મંગાવવામાં આવે છે.

ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારની વયમ

ર્યાદા **ઓન-લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ** સુધીની રહેશે.

ઉમેદવારે માટે નીચે જણાવેલ વેબસાઇટ પર ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓન-લાઇન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

| જ્ઞાન સહાયક (પ્રાથમિક) ભરતી-૨૦૨૬ | |
|---|---|
| ઓનલાઇન અરજી શરૂ | તા.૦૪/૦૮/૨૦૨૬ (૧૪:૦૦ કલાક થી શરૂ) |
| ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ | તા. ૧૦/૦૮/૨૦૨૬ (૨૩:૫૯ કલાક સુધી) |
| મેરીટ લીસ્ટ જાહેર | તા. ૧૨/૦૮/૨૦૨૬ (૧૪:૦૦ કલાકે) |
| જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરીએ ડોકયુમેન્ટ ચકાસણી અને શાળા પસંદગી માટે રીપોર્ટીંગ | તા. ૧૭/૦૮/૨૦૨૬ (સોમવાર) |

"અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક"  **માટે લિંક: https://pregyansahayak.ssgujarat.org/**

**સહી/-**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર સેકટર-૧૯, ગાંધીનગર**